गायकवाडी राज्यनी

भूगोळ.

રાવસાહેબ પરમાનંદ ભોળાભાઈ મુનસી.
વડોદરા ફર્સ્ટક્લાસ મુનસીફ
તથા
હરગોવિંદ કેશવલાલ શાહ.
પીહીજ વર્નાક્યુલર સ્કૂલના હેડમાસ્તરે
રચીને પ્રસિદ્ધ કરી.

બીજી આવૃત્તિ
(નકલ ૫૦૦૦)

अमदावादमां

મામાની હવેલીમધ્યે યુનાઈટેડ પ્રીન્ટીંગ અને જન-
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૦ બ્રહ્મસંવત ૫૫ ઈ૦ સ૦ ૧૮૮૪

કીંમત ૧॥ દોઢ આનો.

गायकवाड़ी राज्यनी

भूगोळ.

રાવસાહેબ પરમાનંદ ભોળાભાઈ મુનસી.
વડોદરા ફર્સ્ટક્લાસ મુનસીફ
તથા
હરગોવિંદ કેશવલાલ શાહ.
પીહીજ વર્નાક્યુલર સ્કૂલના હેડમાસ્તરે
રચીને પ્રસિદ્ધ કરી.

બીજી આવૃત્તિ
(નકલ. ૫૦૦૦)

अमदावादमां
મામાની હવેલીમધ્યે યુનાઈટેડ પ્રીન્ટીંગ અને જ૦
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત્ ૧૯૪૦ બ્રહ્મસંવત્ ૫૫ ઈ૦ સ૦ ૧૮૮૪

કીંમત ૧॥ દોઢ આનો.

સૂચના.

મુકામ પીહીજ
તા. ૧૩-૪-૮૪

હરગોવિંદ કેશવલાલ શાહ
પીહીજ વર્નાક્યુલર સ્કુલ હેડમાસ્તર
તાલુકે પેટલાદ.

गायकवाडी राज्यनी भूगोळ.

હિંદુસ્થાનના પશ્ચિમ ભાગે મુંબાઈ ઈલાકાનાં દેશી રાજ્યોમાં સર્વેથી મોટું આ રાજ્ય આવેલું છે. એ રાજ્યમાં એકંદર ગામ *૨૯૩૧ તથા †૨૧૫૮૮૯૯ માણસની વસ્તીછે. એનું ક્ષેત્રફળ ૮૫૭૦ ચો૦ માઈલછે. એનો ઘણોખરો ભાગ ગુજરાતમાંછે; બાકીનો થોડોક ભાગ કાઠિયાવાડમાં છે. આ રાજ્યનાં પરગણાં આખા ગુજરાત સાથે સેળભેળ છે. તેથી એની સીમા લખવી મુશ્કેલ છે. ગુજરાતમાં જે ભાગ છે તેની સીમા નીચે પ્રમાણે છે.

પૂર્વે—ઈડર સંસ્થાન, પરાંતીજ પરગણું, મહિકાંઠો, ખેડા જીલ્લો, પંચમહાલ, રેવાકાંઠો અને ખાનદેશ જીલ્લોછે. દક્ષિણે વાંસદા સંસ્થાન, સુરતજીલ્લો, અને રાજપીપળાનો કાંઈક ભાગ છે. પશ્ચિમે ખંભાતનો અખાત, સુરતજીલ્લો, ભરૂચ જીલ્લો, ખંભાતનું સંસ્થાન, અમદાવાદ જીલ્લો અને મહિકાંઠો છે. ઉત્તરે—રાધનપુર સંસ્થાન, પાલણપુર સંસ્થાન અને ઈડરનો કાંઈક ભાગ છે.

કાઠિયાવાડ, પાલણપુર, મહિકાંઠા અને રેવાકાંઠાના તાલુકદારો પાસેથી આ રાજ્યની લહેણી ખંડણી અંગ્રેજ સરકાર વસુલ કરી શ્રીમંત ગાયકવાડ સરકારને પહોંચાડે છે. વળી ખાનદેશમાં વજપુરતરાજ ગાયકવાડ સરકારને તાબેછે.

આ રાજ્યના વહીવટ માટે ચાર રાજકીય ભાગ પાડવામાં આવેલા છે, અને તે દરેક ભાગને પ્રાંત કહેછે. તેનાં નામ-ઉત્તરે ૧ કડિપ્રાંત, પૂર્વે એટલે મધ્યમાં ૨ વડોદરાપ્રાંત, દક્ષિણે ૩ નવસારી પ્રાંત અને પશ્ચિમે ૪ અમરેલી પ્રાંત.

૧ कडी प्रांत.

આ પ્રાંતની ઉત્તરે રાધનપુર તથા પાલણપુર; પૂર્વે ઈડર

---

*આમાં ચાણોદ ગણ્યું છે. †પણ વસ્તીમાં ગણ્યું નથી.

સંસ્થાન, પરાંતીજ પરગણું તથા મહિકાંઠા એજન્સી; દક્ષિણે ખેડા તથા અમદાવાદ જીલ્લો અને પશ્ચિમે અમદાવાદ જીલ્લો, મહિકાંઠા એજન્સી તથા વઢિયાર પરગણું છે. એ પ્રાંતમાં ૧૦૮૭ ગામ તથા ૯૮૮૪૮૭ માણસની વસ્તી છે. વળી આ તાલુકામાં ડીસા અને સાદરા છાવણીઓ છે. પણ તેના વસ્તીના આંકડા મળ્યા નથી તેથી ગામોમાં પણ તે બે ગામ વધાર્યાં નથી. એનું ક્ષેત્રફળ ૩૧૫૮ ચો. માઇલ છે.

મુખ્ય નદીઓ—૧ साबरमती ઇશાનમાં અરવલ્લીના ડુંગર પાસેથી નીકળી નૈરૂત્યમાં વહીને ખંભાતના અખાતને મળે છે. २ खारी. ३ मेश्वो. ४ बनास. ५ सरस्वती. ६ रूपेण. ७ वात्रक. સિવાય નાની નદીઓ ઘણી છે.

આ પ્રાંતમાં મુખ્ય ધંધો ખેતીનો છે અને જમીન ઘણું કરી ખેડાણ તથા સપાટ મેદાન છે. એમાં આગગાડીની સડક થઈ પાલણપુર સુધી ગઈ છે.

મુખ્ય નિકાસ—ઘઉં, બાજરી, જુવાર, જવ ઇત્યાદિ ધાન્ય, તમામ જાતનું કઠોર, સરસવ, અફીણ, શેરડી, કપાસ અને એરંડી વગેરે.

આ પ્રાંતમાં સરકાર ખર્ચથી એકંદર ૯૫ નિશાળો ચાલે છે.

એમાં નીચે લખ્યા પ્રમાણે મુખ્ય તાલુકા ૧૦ અને પેટા તાલુકા हारीज, आतरसुंबा, અને वडनगर છે.

१ पाटण. २ वडावली. ३ महेसाणा. ४ कडी. ५ कलोल. ६ देहगाम. ७ विजापुर. ८ विशनगर. ९ खेरालु. १० सिद्धपुर.

१ पाटण तालुको.

આ તાલુકામાં ૧૩૯ ગામ તથા ૧૨૦૮૩૦ માણસની વસ્તી છે.

નદિયો—सरस्वती પૂર્વ પશ્ચિમ વહી કચ્છના રણમાં સમાઈ જાયછે. २ बनास.

મુખ્ય શહેર તથા ગામ—મુખ્ય શહેર १ पाटण એમાં ૩૨૭૧૨ માણસની વસ્તી; સરકારી ગુજરાતી, મરાઠી, ગુજ-

રાતી કન્યાશાળા અને અંગ્લો વર્નાક્યુલર સ્કૂલ; પોષ્ટ આફીસ, દીવાની ફોજદારી કચેરીઓ, હસ્પિતાળ અને સુધરાઈ ખાતું છે.

२ वालोसणा (व० २००२). ३ मणोद. ४ रणोज. ५ कंथराटा. ६ संडेर. ७ कुणघेर. ८ वागडोद. એ મોટાં ગામો છે.

જોવા લાયક જગા—પાટણમાં શ્રીજીનેશ્વર મહાદેવની જગો, શ્રી કાળકા માતાની જગો, રાણકીવાવ અને કૂવો; તથા વનરાજ ચાવડાની મૂર્ત્તિ.

કારીગરીની વસ્તુઓ—માટીનાં વાસણ, સૂડીઓ, પટોળાં તથા કંકુ વગેરે વખાણવા લાયક બને છે.

જાણવાજોગ હકીકત—કાળકામાતાનો જૂનો કિલ્લો છે. તેની પાછળ જમીનમાં પથ્થરની ખાણો છે. તેમાંથી આરસપહાણ વિગેરે જૂદીજૂદી જાતના પથ્થરો નીકળે છે એટલુંજ નહીં પણ ઘડેલી મૂર્તિઓ પણ નીકળે છે. પાટણમાં પંચાસર રાજાનું સ્થાન છે. અહીં શ્રાવકો જાત્રા માટે આવે છે. વનરાજચાવડાએ પાટણ શહેર સંવત ૮૦૨માં વસાવ્યું હતું. એ શહેર પાસે સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું સહસ્ત્રલિંગ તળાવ છે. તેની વચ્ચે રાણીના મહેલની નિશાની છે. કરણરાજાએ બંધાવેલું કરણસાગર તળાવ હાલ જીર્ણ થઈ ગયું છે. ગુજરાતની અસલ રાજધાની આ શહેરમાં હતી. ત્યાર પછી મુસલમાનના વખતમાં અમદાવાદમાં થઈ. આ શહેર પાસે સરવરખાં લોદીનું બંધાવેલું એક સરોવર છે. તેમાં હાલ પાણીની આવક બંધ પડી છે.

પેદાસ—બાજરી, જુવાર, કઠોર, સરસવ, એરંડી, ઘઉં વિગેરે છે.

पेटा तालुका हारीज.

એ પેટા તાલુકામાં ૪૮ ગામ અને ૨૬૨૮૨ માણસની વસ્તી છે. અહીંઆં એક મહાલકરી તથા ફોજદાર રહે છે. મુખ્ય ગામ હારીજ એમાં ૧૬૮૫ માણસની વસ્તી અને એક ગુજરાતી નિશાળ છે.

२ वडावली तालुका.

આ તાલુકામાં ૧૧૧ ગામ તથા ૭૧૬૪૩ માણસની વસ્તી છે.

નદી—રુપેણ પૂર્વ પશ્ચિમ વહી આ તાલુકાનાં ઘણાં ગામોમાં થઈ છેવટે ઝીંઝુવાડાના રણમાં ફેલાઈ જાય છે.

મુખ્ય ગામ—૧ વડાવલી એમાં ૨૫૯૩ માણસની વસ્તી છે. ૨ ચાણસમા અહીં બીજા ત્રીજા વર્ગના મામલતદારની કચેરીઓ છે. ૩ ધીણોજ. ૪ સંખલપુર. ૫. મુઢેરા. ૬ પીપળા.

તીર્થની જગા—બહુચરામાતાનું દેવળ બહેસર ગામમાં છે. એ માતાજીના ખર્ચખાતે સરકાર તરફથી ધર્માદા ત્રણ ગામ આપેલાં છે. એમાં મુખ્ય ગામ સંખલપુરછે. એ દેવળ જોવા લાયક છે. માતાના ગોખનું જે ઉત્પન્ન થાયછે. તેમાંથી જતા આવતા નિરાશ્રિત—લૂલાં લંગડાં વગેરે અપંગ માણસોને સદાવૃત્ત આપતાં જે વધેછે તે કાલરી ગામના ગરાસીઆ અને માતાના કમાળીઆ દશ અને છ આની અનુક્રમે વહેંચી લેછે. આ તમામ ઉપજની દેખરેખ સરકાર રાખેછે. એ માતાજીના મોટા મેળા બે, ચઈતર શુદ ૧૫ અને આસો શુદ ૧૫ ના ભરાય છે. તે વખતે ગુજરાતના હરેક ભાગના લોકો તથા રાજા રજવાડા જોવાસારૂ આવેછે. એ દેવળને ફરતો મોટો કોટછે. તેની બહાર એક મોટું તળાવ છે. સિવાય એક માનસરોવર નામે કુંડછે. તેમાં નાહ્યા સિવાય જાત્રાળુ લોકો દર્શન કરવા જતા નથી. સંખલપુર ગામે માતાજીના ટોડાછે. ત્યાં પણ માતાજીનો ગોખછે.

જાણવાજોગહકીકત—આ તાલુકાનાં તમામ ગામ આગળ પાટણતાલુકામાં હતાં. પણ સંવત ૧૯૩૩ નીસાલમાં આ તાલુકો જૂદો પાડયો. મુઢેરા પ્રાચીન કાળમાં મોટું અને ભારે વસ્તીવાળું શહેર હતું એવું તેના દેખાવ ઉપરથી અને પડી ગએલાં ખંડેર ઉપરથી જણાય છે. એ ગામની ઉત્તરે એક ઘણો મોટો અને જોવાલાયક કુંડછે. તે રામકુંડ નામે ઓળખાય છે. એ કુંડનું પાણી ઘણું ખારૂં છે. પણ ઘણા લોકો જૂનું તીર્થ જાણી ત્યાં નહાવા સારૂં આવેછે. એની પાળ ઉપર એક પથ્થરથી બાંધેલું જીર્ણ થએલું મોટું દેવળ છે. તેમાં દેવ મૂર્તિનથી. પણ એવું કહેવાયછે કે ત્યાં રામચંદ્રજીને માટે ચોરી કરી હતી. એ દેવળના ખૂણામાં એક ભોંયરૂં છે. પણ તેનો થોડોક ભાગ પૂરાઈ ગએલો છે.

ઉપજ—બાજરી, જુવાર, મઠ, મગ.

૩ મહેસાણા તાલુકો.

આ તાલુકામાં ૭૮ ગામ તથા ૭૧૫૦૦ માણસની વસ્તીછે.

નદીઓ—૧ રૂપેણ. ૨ ખારી.

મુખ્ય ગામ—૧ મહેસાણા એમાં ૮૫૮૨ માણસની વસ્તી, બીજા ત્રીજા વર્ગના મામલતદારની કચેરી, પોષ્ટ આફીસ અને સરકારી ગુજરાતી નિશાળ છે. ૨ બલોળ. ૩ લીચ. ૪ પાંચોટ. ૫ માકણજ. ૬ ખેરવા.

વેપારની જણસ—સરસવ છે.

જોવા લાયક તથા તીર્થની જગા—બારા અને મોઢાના મહાદેવ એ તીર્થની જગા છે. ખેરવા ગામે મહાદેવનું જૂનું દહેરૂં જોવા લાયક છે.

ઉપજ—જુવાર, બાજરી, સરસવ, મગ, મઠ, ઘઉં અને અડદ છે.

૪ તાલુકે કડી.

એ તાલુકામાં ૧૧૦ ગામ તથા ૮૮૭૩૩ માણસની વસ્તી છે.

નદી—આ તાલુકામાં જાણવા લાયક નદી નથી.

મુખ્ય ગામ—૧ કિલ્લે કડી એમાં ૧૧૬૮૯ માણસની વસ્તી, ગુજરાતી, મરાઠી, અને અંગ્રેજી સ્કુલ, પ્રાંત ન્યાયાધીશ, પ્રાંત સુબા, નાયબ સુબા, દીવાની ફોજદારી વગેરે અમલદારની કચેરીઓ, સુધરાઈ ખાતુ, પોષ્ટ આફીસ અને ઇસ્પિતાળ છે. વળી આ પ્રાંતનો જેલર પણ અહીંઆંજ રહે છે. એ શહેરનો કિલ્લો અને મલ્હારરાવ ગાયકવાડની જૂની હવેલી જોવા લાયક છે. એમાં બારવાં, ખોળીઆં, જસતની સીરોઇઓ, તાંબા પીતળનાં વાસણ અને દેવપૂજાનાં ચાંદીનાં વાસણ બનેછે. ૨ થોળ. ૩ વામજ. ૪ આદ્રજ. ૫ કંઢ. ૬ વડુ. ૭ ખાવડ. ૮ રાજપુર.

ઉપજ—ઘઉં, બાજરી, મઠ, મગ, કપાસ, જુવાર, સરસવ, ચણા વિગેરે થાય છે.

૫ કલોલ તાલુકો.

એ તાલુકામાં ૮૭ ગામ તથા ૮૯૦૭૯ માણસની વસ્તી છે.

નદી—સાબરમતી.

મુખ્ય ગામ—૧ કલોલ એમાં ૩૩૧૪ માણસની વસ્તી, બીજા ત્રીજા વર્ગના મામલતદારની કચેરીઓ અને પોસ્ટઆફીસછે. ૨ નારદીપુર માં સરકારી ગુજરાતી નિશાળછે. ૩ વાસણા.

જોવા લાયક તથા તીર્થની જગા—છ માળની પથ્થરની વાવ અને વાસણામાં મહાદેવનું દેવાલય છે. સાબરમતીને કાંઠે વોગેશ્વર મહાદેવનો મેળો ભરાય છે.

ઉપજ—બાજરી, જુવાર, મઠ, ડાંગર.

૬ દેહગામ તાલુકો.

એ તાલુકામાં ૯૬ ગામ તથા ૬૪૫૮૪ માણસની વસ્તીછે.

નદીઓ—૧ સાબરમતી. ૨ ખારી. ૩ મેશ્વો. આ ત્રણે નદીઓ આ તાલુકામાંથી ઉત્તર દક્ષિણે વહીને જાય છે.

મુખ્ય ગામ—કસ્બે ૧ દેહગામ એમાં ૪૯૫૨ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, દીવાની ફોજદારી કચેરીઓ અને મામલતદાર કચેરીછે. ૨ બહીએલ. ૩ કઠવાડા. ૪ ઝલા. ૫ ધારોસણા. ૬ નાંદોલ. ૭ માવડા. ૮ સાંપા.

જોવા લાયક જગા—સાંપાની વાવ અને હાલીસાનો ભમરીઓ કૂવો. પલાના મઠમાં શિવરાત્રિએ મેળો ભરાય છે.

પેટા તાલુકો આતરસુંબા.

એમાં ૫૯ ગામ તથા ૨૭૮૪૭ માણસની વસ્તી છે.

નદીઓ—૧ વાત્રક. ૨ વરાંસી. ૩ ધામણી.

મુખ્ય ગામ—કસ્બે આતરસુંબા એમાં ૨૯૨૦ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, મહાલકરીની કચેરી અને ઇસ્પિતાળ છે. સિવાય જાણવા લાયક મોટું ગામ નથી. અહીંનું લવાર કામ એટલે છરા, છરીઓ, લોઢીઓ, તાવડીઓ વગેરે સારૂં થાયછે. આ તાલુકાને તાબે માંડવાનું સંસ્થાન છે. એ તાલુકામાં ખોખ, કોતરો ઘણાંછે.

તીર્થની જગા—મોજે વાઘજીપુર ગામે વાત્રક નદી ઉપર શ્રી ઉત્કંઠેશ્વર એટલે ઊંટડીઆ મહાદેવની પૂરાતન જગા

છે. ઘણે દૂરથી લોકો જાત્રા માટે આવે છે. એ જગો ઘણી અલૌકિક અને જોવા લાયક છે. સંગસના વરસ ઉપર એ મહાદેવને નહવરાવવા સારૂ ગંગા આવે છે અને અંતરિક્ષે ધજા એની મેળે ચઢેછે એવી લોકવાર્તા ચાલે છે. અહીંથી ત્રણ ગાઉ ઉપર કેદારેશ્વર મહાદેવની જગો પણ ઘણી જૂની અને જોવા લાયક છે.

ઉપજ—બધી જાતનું અનાજ અને અફીણ થાયછે.

૭ तालुके विजापुर.

આ તાલુકામાં ૧૨૫ ગામ તથા ૧૪૩૪૯૭ માણસની વસ્તીછે.

નદી—साबरमती.

મુખ્ય ગામ—૧ विजापुर એમાં ૧૦૦૮૧ માણસની વસ્તી, બીજા ત્રીજા વર્ગના મામલતદારની કચેરીઓ અને સરકારી ગુજરાતી નિશાળ છે. ૨ लाडोल ૩ वसई ૪ गोजारीआ ૫ लाघणज. વિજાપુરમાં અફીણનો રોજગાર સારો ચાલે છે.

ઉપજ—બાજરી, જુવાર, ઘઉં, કઠોર.

૮ तालुके विशनगर.

એમાં ૫૮ ગામ અને ૮૧૮૪૨ માણસની વસ્તી છે.

નદી—रूपेण.

મુખ્ય ગામ—૧ विशनगर એમાં ૧૯૬૦૨ માણસની વસ્તી, પ્રાંત ન્યાયાધીશ અને તેનો આસિસ્ટંટ, ફોજદારી, દીવાની અને મુલકી કચેરીઓ, પોષ્ટઆફીસ, ઇસ્પિતાળ, સરકારી નિશાળ અને સુધરાઇ ખાતુ છે. ૨ वालम, ૩ भांडु, ૪ कमाणा.

વેપારની વસ્તુઓ—કંસારા લોકો તાંબા પીતળનાં વાસણ પુષ્કળ કરેછે.

ઉપજ—અફીણ, બાજરી, જુવાર, સરસવ, ઘઉં અને તુવેરો વગેરે કઠોર.

९ तालुके खेरालु.

એમાં ૬૯ ગામ અને ૫૭૫૪૪ માણુસની વસ્તી છે.

નદી—रूपेण.

મુખ્ય ગામ—કસ્બે १ खेरालु એમાં ૮૫૨૮ માણુસની વસ્તી, મુલકી તથા ફોજદારી કચેરીઓ, સરકારી ગુજરાતી નિશાળ અને પોષ્ટ આફીસ છે. २ सीपोर, ३ उमता, ४ संढीआ, ५ मंडाळी, ६ जासका, ७ लुणाव, ८ बलाद, ९ उमोडा.

જાણવાજોગ હકીકત—સીપોર ગામે મોટું તળાવ છે તેમાં તારંગાથી પાણી આવે છે. મુખ્ય વેપાર અફીણનો ચાલે છે. રૂપેણ કિનારે વૃંદાવન મહાદેવનું દેવળ છે.

पेटा तालुके वडनगर.

એમાં ૨૪ ગામ તથા ૩૦૦૫૭ માણુસની વસ્તી છે.

નદી—रूपेण.

મુખ્ય ગામ—કસ્બે १ वडनगर એમાં ૧૫૪૨૪ માણુસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, મુલકી ફોજદારી કચેરીઓ, સુધરાઇ ખાતુ અને પોષ્ટઆફીસ છે. સિવાય જાણવા લાયક કોઈ મોટું ગામ નથી.

કારીગરી—લવાર લોક પીતળની કેરીઓ, દાબડા વગેરે બનાવે છે.

જોવા લાયક જગા—હડકેશ્વર મહાદેવ તથા સર્મિષ્ટા તળાવ છે.

તીર્થ—વિશ્વામિત્રી, ગવરીકુંડ, વિષ્ણુપાદોદકી.

ઉપજ—જુવાર, બાજરી, અફીણ વગેરે.

१० सिद्धपुर तालुको.

એમાં ૮૩ ગામ અને ૯૫૦૭૯ માણુસની વસ્તી છે.

નદીઓ—१ सरस्वती. २ अमरदर्शी. ३ मोहोवी. ४ खारोवोहो.

મુખ્ય ગામ—૧ सिद्धपुर એમાં ૧૩૫૦૫ માણસની વસ્તી, મુલકી તથા ફોજદારી કચેરીઓ, પોષ્ટઆફીસ, સરકારી ગુજરાતી નિશાળ ને સુધરાઈ ખાતુંછે. ૨ उंझा. (વ૦ ૧૦૪૫૪) ३ उनावा. ४ ऊरढोर. ५ उपर. ६ ब्राह्मणवाडा. ७ कांबली. વગેરે મોટાં ગામ છે.

મુખ્ય વેપારની જણસો—કાપડ, તેલ, એરંડીયું, સરસીયું અને અફીણ. અફીણનો વેપાર બંધ પાડી સરકારે પોતાને સ્વાધીન કરી લીધો છે.

જોવાલાયક તથા તીર્થની જગાઓ—રૂદ્રમાળા એ સોળંકીવંશના મૂળરાજે બંધાવેલું છે. સિવાય બિંદુસરોવર, જ્ઞાન વાવ, અલપાંસરોવર, ગોવિંદ માધવ અને સરસ્વતી એ તીર્થની જગાઓ છે. સિદ્ધપુરમાં માતૃશ્રાદ્ધ થાયછે. એ ગામ હિંદુઓનું ધર્મક્ષેત્ર ગણાય છે. ઉંઝા ગામમાં કડવા કણબીનો કુળદેવી અને મહાલક્ષ્મીનું મંદીર છે. મેત્રાણા ગામે શ્રાવકોના ગોડી પારસનાથનું દેવળ છે. ઉનાવા ગામમાં મુસલમાન લોકોનાં મીરાંદાતારની જગા છે. ત્યાં મેળો ભરાય છે.

ઉપજ—બાજરી, જુવાર, ઘઉં, અફીણ, સરસવ, જવ અને કઠોર.

---

२ वडोदरा प्रांत.

આ પ્રાંતની ઉત્તરે ખેડા જીલ્લો; પૂર્વે રેવાકાંઠો અને પંચમહાલ; દક્ષિણે રાજપીપળાનું સંસ્થાન અને ભરૂચ જીલ્લો; પશ્ચિમે ભરૂચજીલ્લો અને ખંભાતનું સંસ્થાન છે. એ પ્રાંતમાં કુલ ગામ *૮૬૪ તથા *૭૫૬૮૦૭ માણસની વસ્તી છે. એનું ક્ષેત્રફળ શેહેર વડોદરાનું ૫ ચો. મા. તથા વડોદરા કાંપનું ૧ ચો. મા. સુદ્ધાં ૧૯૧૨ ચો. માઈલ છે.

નદી નાળાંએ પાડેલાં કોતર બાદ કરતાં બાકીની જમીન ઘણું કરીને ખેડાણ અને સપાટ છે. જાણવા લાયક ડુંગર નથી.

મુખ્ય નદીઓ—१ नर्मदा. આ ગુજરાતમાં સૌથી મોટી નદી છે. એનાથી આ પ્રાંતની દક્ષિણ સીમા થાય છે. એ

---

*ગામમાં ચાણોદ ગણ્યું છે પણ *વસ્તીમાં ચાણોદની વસ્તી આવી છે એમ સમજવું નહીં.

અમરકંટકના મેદાનમાંથી નીકળી પૂર્વ પશ્ચિમ વહી ખંભાતના અખાતને મળેછે. એ ઘણી મોટી અને ઉંડીછે. એ વડે બહોળો વેપાર ચાલેછે. ૨ મહી એ પશ્ચિમ વાહીની છે. એ ઉમેટા અને દહેવાણ ગામ આગળ થઈ ખંભાતના અખાતને મળે છે. ૩ ઢાઢર જાંબુઘોડાના ડુંગરમાંથી નીકળી ટંકારીઆ બંદર આગળ સમુદ્રને મળે છે. ૪ વિશ્વામિત્રી એ પાવાગઢના ડુંગરમાંથી નીકળી દુમાડ ને પોગળવાડાની હદમાં થઈ સોખડા રાજુ પાસે ઢાઢરને મળે છે. આ સિવાય નાની નદિયો ઘણી છે.

મુખ્ય નિકાસ—ગામોમાં મુખ્ય ધંધો ઘણું કરીને ખેતીનો છે. ખેતીની મુખ્ય ઉપજ ચોરાસીમાં ડાંગર, કોદરા; *કાનમમાં કપાસને જુવાર; *વાકરમાં મઠ, બાજરી, તુવેર વગેરે તમામ જાતનું કઠોર, કોદરા, તમાકુ, શેરડી વગેરેની થાય છે.

નર્મદા અને મહીના પૂલ જોવાલાયક છે. આ પ્રાંતમાં અંગ્રેજી રેલવેસ્ટેશન ચાર અને ગાયકવાડી રેલવેસ્ટેશન ચારછે.

આ પ્રાંતમાં નીચે લખેલા ૯ તાલુકા તથા પેટા તાલુકા સીસવા અને તીલકવાડા એવા બે છે.

૧ પેટલાદ ૨ પાદરા ૩ ચારેંદા ૪ શીનોર ૫ ચાણોદ ૬ ડભોઈ ૭ સંખેડા ૮ જરોદ ૯ વડોદરા.

આ તાલુકાઓમાં સરકાર ખર્ચથી ૭૯ નિશાળો ચાલેછે. દરેક તાલુકામાં વહીવટદાર અને ફોજદાર રહેછે.

૧ પેટલાદ તાલુકો.

એમાં ૭૫ ગામ તથા ૧૪૭૮૪૦ માણસની વસ્તીછે.

નદીઓ—૧ મહી. ૨ શેઢી.

અખાત—ખંભાતનો રાજપુર ગામ આગળ છે.

---

*નર્મદા અને ઢાઢર વચ્ચેની જમીનને ઘણું કરીને કાનમની જમીન કહેછે. એ જમીન કાળી ચીકણી અને ભરેંડા વાળી હોયછે. *ઢાઢરની પેલી તરફની અને મહીની વચ્ચેની તથા મહીની પેલી તરફની જમીનને ઘણું કરીને વાકરની જમીન કહેછે. એ જમીન ઘણું કરી ગોરાડુ ને રેતાળ હોયછે.

મુખ્ય ગામ—કસ્બે ૧ પેટલાદ એમાં ૧૪૪૧૮ માણસ-નીં વસ્તી; અંગ્રેજી, ગુજરાતી નિશાળ ને કન્યાશાળા, મરાઠી શાળા અને ઉરદુ નિશાળ; સુધરાઈ ખાતુ, પોષ્ટઆફીસ, દીવાની ફોજદારી, મુલકી કચેરીઓ અને ઇસ્પિતાળ છે. ૨ સોજીત્રા (વ૦ ૧૦૨૫૩). ૩ વસો (વ૦ ૭૦૧૪). ૪ નાર (વ૦ ૭૩૨૮). ૫ પીજ (વ૦ ૬૨૯૪). ૬ માદરેણ (વ૦ ૪૭૧૮). ૭ ધર્મજ (વ૦ ૪૬૦૬) ૮ બાકરોળ. ૯ કાસર (૪૦૭૩). ૧૦ ચાંગા (વ૦ ૪૧૯૭). ૧૧ મોગરી. ૧૨ બાંધણી (વ૦ ૩૫૯૯).

જાણવા જોગ હકીકત—પેટલાદમાં અરજુનશા પીરનું પ્રાચીન ઠે-
કાણું છે. ત્યાં રજબ માસમાં મુસલમાન લોકોનો મોટો મેળો ભરાયછે. સોજીત્રામાં
સુતારો, લુહારો અને ડામગરનું કામ સારૂ થાયછે અને એમાં અંગ્રેજી, ગુજરાતી
તથા કન્યાશાળા છે. વસોમાં રામસરોવર ઓતરંક પથ્થરથી બાંધેલું અને રમણિક
છે. પીજમાં કપીલેશ્વર મહાદેવનુ દેવળ છે.

ઉપજ—બાજરી, જુવાર, ડાંગર ઇત્યાદિ ધાન્ય; શેરડી, કસુંબો, તમાકુ, કપાસ વગેરેની છે.

પેટા તાલુકે સીસવા.

એમાં ૩૧ ગામ અને ૪૮૫૮૬ માણસની વસ્તી છે.

નદી—મહી.

મુખ્ય ગામ—૧ સીસવા એમાં મહાલકરી રહેછે. ૨ વાલવોડ (વ૦ ૩૧૪૭) ૩ ઝારોળા. ૪ બામણગામા. ૫ કાણીશા અહીં શ્રી કામેશ્વર માહાદેવનું દેવળ છે અને કુંડ છે. ત્યાં શ્રાવણ માસમાં જાત્રા ભરાય છે.

ઉપજ—બાજરી, જુવાર, ડાંગર ઇત્યાદિ૦ ધાન્ય છે.

૨. પાદરા તાલુકો.

એમાં ૮૬ ગામ અને ૮૬૭૦૫ માણસની વસ્તી છે.

નદીઓ—૧ મહી એ આ તાલુકાની ઉત્તરે છે. ૨ ઢાઢર દક્ષિણે અને પૂર્વે ૩ વિશ્વામિત્રી છે.

મુખ્ય ગામ—૧ પાદરા એમાં ૭૬૬૮ માણસની વસ્તી, ફોજદારી મુલકી કચેરીઓ અને સરકારી ગુજરાતી નિશાળ

છે. એમાં ૨ દાબવાનું એક મોટું યંત્ર છે. ૨ डबका. ३ दरापुरा. ४ रणु. ५ भोज. ६ उमासा. ७ मासर.

જાણવા લાયક હકીકત—ડબકા મહી નદી ઉપર છે. અહીંની હવા સારી છે. આસપાસ લાઠાંનાં જંગલ છે. તેથી ઘણું કરી દર વરસે શ્રીમંત ગાયકવાડ સરકાર તથા સાહેબ લોકો અહીં આવેછે. એમાં ગાયકવાડ માહારાજની હવેલી જોવા લાયક છે. રણુમાં તુળજા માતાનું મંદીર છે. ત્યાં આસો શુદ ૮ ઉપર લોક જાત્રા માટે આવેછે. ડબકામાં પાળેલાં શિકારી જાનવરો રાખવામાં આવેછે.

નિકાસ—વેપારની જણસો, ખાદી, લાલ ખારવાં તથા કાળા અલાયચા પાદરામાં થાયછે. વળી ગળીના કુંડ પણ છે. કાનમી ગામોમાં કપાસ જુવાર, અને વાકરમાં ડાંગર, કોદરા, બાજરી વગેરે થાયછે.

३. तालुके चोरंदा.

એમાં ૯૯ ગામ તથા ૬૧૮૦૫ માણસની વસ્તી છે.

નદીઓ—१ नर्मदा. २ ढाढर.

મુખ્ય ગામ—१ कोरल એ નર્મદા કિનારે છે. એમાં १५७१ માણસની વસ્તી, વહીવટદારની કચેરી અને સરકારી ગુજરાતી નિશાળ છે. २ चोरंदा. ३ कंडारी. ४ वलण. ५ कुराई. ६ मीआगाम આ રેલવે સ્ટેશન છે. ७ ओझ નર્મદાને કિનારે છે. ત્યાં અધિક જેઠ માસમાં જાત્રા ભરાયછે. ८ पाछीआपरा નર્મદા કાંઠે છે.

ઉપજ—કપાસ, ડાંગર, જુવાર વગેરે.

४. तालुके शीनोर.

એમાં ૫૩ ગામ તથા ૩૯૪૯૪ માણસની વસ્તી છે.

નદીઓ—१ नर्मदा. २ ओर. એ બંને કરનાલી ગામપાસેછે.

મુખ્ય ગામ—१ शीनोर એ નર્મદા કિનારે છે. એમાં ૬૦૪૭ માણસની વસ્તી છે. વહીવટદારની ને દીવાની કચેરીઓ તથા ગુજરાતી મરાઠી શાળાઓ છે. २ करनाली. ३ बरकाल. ४ कुकस. ५ अवाखल. ६ टींबरवा. ७ तेन.

જાણવા જોગ હકીકત તથા તીર્થની જગા—શીનોરમાં સુતારના

વાંસલા અને ખરાદી કામ ઘણું સારૂં થાયછે. અહીં ભંડારેશ્વર મહાદેવની જગા છે. આ તાલુકાની હદમાં નર્મદા કિનારે અનસોયા માતાનું સ્થાનક અને શ્રી વ્યાસ ક્ષેત્ર એ નામાંકિત પૂર્વનાં ધામછે. અહીં દેશાવરના હિંદુ લોકો અસ્નાન કરવા અને દર્શનને માટે આવેછે. કરનાળી હિંદુઓની જાત્રાનું મોટુ ક્ષેત્ર છે. એની પશ્ચિમે નર્મદા અને ઓર એ બંને નદીઓનો સંગમ થાયછે. અહીં નહાવાનું મોટું મહાત્મ ગણાય છે. કારતકી અને ચઇતરી પુનમ ઉપર ૫૦-૬૦ હજાર માણસનો મેળો ભરાય છે. વળી સોમેશ્વર અને કુંભેશ્વર માહાદેવનાં મોટાં સ્થાન છે. એ ઘણાં જૂનાં છે. અહીં દરમાહી શિવરાત્રિએ તેમજ મહા વદ ૧૪ તથા ચૈત્ર શુદ ૧૫ ઉપર મોટા ઉત્સવ થાયછે. સોમેશ્વર માહાદેવની સામે શ્રીમંત ગાયકવાડ સરકારે ઘાટ બંધાવેલો છે. ત્યાં સંન્યાસી વિગેરે લોકોને રહેવા માટે ધર્મશાળા, અંનછત્ર બંધાવ્યાં છે અને ગાયકવાડ માહારાજ તરફથી સદાવૃત અપાયછે. બરકાલમાં કપાસ લોઢવાનો મોટો સંચો છે.

પેદાસ—તમાકુ, બાજરી, જુવાર, ઇત્યાદિ ધાન્ય, શેરડી, કપાસ વગેરે.

૫. તાલુકે ચાણોદ.*

આ તાલુકામાં એકજ ગામ છે. [૧]વસ્તીનો આંકડો નથી મળ્યો.

નદી—નર્મદા એને કાંઠે આ તાલુકો છે. એનો ઓવારો પથ્થરથી બાંધેલો છે. તે દૂરથી રળિયામણો દેખાય છે.

મુખ્ય ગામ—કસ્બે ચાણોદ એમાં વહીવટદારની કચેરી છે. એ અધિકારીને દીવાની ફોજદારી બંને કામ ચલાવવાનો અધિકાર છે. એમાં શ્રી શેષસાઇજીનું સ્થાન છે. તેથી દેશાવરના હિંદુ દર્શન માટે આવેછે. આ ગામમાં મુલકી હકુમત ઘણું કરી માંડવાના રાણાની છે અને દીવાની ફોજદારી આ સરકારની છે. વળી સાયર નાકુ પણ આ સરકારનુંજ છે.

૬. તાલુકે ડભોઈ.

એમાં ૮૮ ગામ તથા ૫૬૧૬૯ માણસની વસ્તી છે.

નદીઓ—૧ ઢાઢર ૨ રંગાવ વગેરે નાની નદીઓ ઘણીછે.

મુખ્ય ગામ—૧ ડભોઈ એમાં ૧૪૮૬૮ માણસની વસ્તી છે. દીવાની ફોજદારી અને વહીવટદારની કચેરી, અંગ્રેજી,

---

*આ તાલુકાની વસ્તીનો આંકડો સેન્સસ ખાતામાંથી મળી શકયો નથી. તે ઉપરથી બનતો તપાસ કર્યો પણ ખુલાસો ન મળી શકવાથી મહેરબાન વહીવટદાર સાહેબ તરફથી આવેલા પત્રક મુજબ કાયમ રાખ્યો છે.

૧ જૂની ભૂગોળમાં ૩૪૧૬ માણસની વસ્તી છે.

ગુજરાતી અને મરાઠી શાળાઓ, સુધરાઈખાતુ, ઇસ્પિતાળ તથા પોષ્ટઆફીસ છે. ૨ મંડાળા એ ડભોઈ લાઇનનું સ્ટેશન છે. ૩ કારવણ એ ડભોઈ લાઇનનું સ્ટેશન છે. સિવાય જાણ-વા લાયક મોટાં ગામ નથી.

જાણવા લાયક હકીકત—ડભોઈ એ ગાયકવાડી રેલવેનું મોટું સ્ટેશન છે. અહીં ખરાદી કામ, તાંબા પીતળનાં વાસણ અને પાઘડીઓ સારી થાયછે. એનો કિલ્લો જૂનો નકસીદાર અને વખાણવા જોગ છે, એના પૂર્વ દરવાજા ઉપર કાળકામાતાનું થાનક છે. હીરા ભાગોળે માઇસાહેબ પીરનું સ્થાનક છે. ત્યાં અગાઉ ધીજપીજ થતી હતી. લાલા ટોપરીની વાવ ઉપર શ્રી રણછોડજીનું મોટું દેવળ છે. ત્યાં દર પુનમે મોટો મેળો ભરાય છે. આ ગામમાં પ્રખ્યાતકવિ દયારામ ભાઇનો જન્મ થયો હતો. અહીંથી બાધરપુર, ચાણોદ અને કરજણ જવાની રેલવે શ્રીમંત ગાયકવાડ સરકારની છે. પુનાઆદ ગામે સાકેનો મેળો ભરાય છે. બાધરપુરથી વડોદરા સુધીનો રેલવે તૈયાર થઈ છે.

ઉપજ—ડાંગર અને કપાસ છે.

पेटा तालुके तीलकवाडा.

એ પેટા મહાલમાં ૩૮ ગામ તથા ૭૫૨૯ માણસની વસ્તીછે.

નદી—नर्मदा.

ડુંગર—કોચીઆ ગામની હદમા कौचीआ નામનો ડુંગરછે.

મુખ્ય ગામ—૧ तीलकवाडा એ નર્મદા કાંઠે છે. એમાં વહીવટદારની કચેરી છે. ૨ अमरोली એમાં થાણદાર રહેછે. ૩ बुजेठा. તીલકવાડાથી દોઢ ગાઉ ઉપર મણીનાગેશ્વરનું દેવળ છે.

પેદાશ—બાજરી, જુવાર, ડાંગર, કપાસ અને તુવેરછે.

७. तालुके संखेडा.

એમાં ૧૪૩ ગામ તથા વસ્તી ૫૧૬૪૫ માણસની છે.

નદીઓ—૧ ओर. ૨ उछ એ સંખેડા પાસે ઓરને મળે છે. ૩ हेरण. ૪ ढाढर. સિવાય જાણવા લાયક નદી નથી.

મુખ્ય ગામ—કસ્બે ૧ संखेडा એમાં ૪૬૬૧ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, વહીવટદારની કચેરી ને પોષ્ટ આફીસ છે. ૨ કસ્બે बाधरपुर, ३ माकणी. ४ वासणा. ५ मांडपुर. ६ टांबा. ७ वहेली. ८ कोसींदरा. ९ सीतपोर.

જાણવા જોગ હકીકત—સખેડાનો કિલ્લો બાબોનો બંધાવેલો જીર્ણ થઈ ગયો છે. અહીંનું ખરાદીકામ ઘણું સારૂં થાય છે. સોનગીરો ગામે ડુંગરી કિલ્લો છે. લોડાવગામે સરણેશ્વર મહાદેવનું દેવળ છે. ત્યાં શ્રાવણ માસમાં મેળો ભરાય છે. આખાખોડ ડુંગર ઉપર આસો શુદ ૮ મે વિધવાસની માતાનો મેળો ભરાય છે.

મોજે આખા ખોડા ગામે વિધવાસના માતાનો, અછાલીઆ ગામે અછાલીઆનો, સોનગીરી ગામે સોનગડ એ નામના ડુંગરો છે. છેલ્લામાંથી સફેત પથ્થર નીકળે છે.

ઉપજ—ડાંગર, કપાસ, બાજરી, શેરડી ઇત્યાદિ.

૮. तालुके जरोद.

એમાં ૧૧૫ ગામ તથા વસ્તી ૬૫૫૨૨ માણસની છે.

નદીઓ—૧ विश्वामित्री. ૨ गोमा. ૩ करड. ૪ मीणी.

મુખ્ય ગામ—૧ सांवली એમાં ૬૨૭૫ માણસની વસ્તી છે. વહીવટદારની તથા દીવાની કચેરીઓ, પોષ્ટ આફીસ અને સરકારી ગુજરાતી નિશાળ છે. ૨ साडासल. ૩ वाघोडीआ. ૪ तुंडाव. ૫ जरोद.

જાણવા જોગ હકીકત—આ તાલુકામાં વજપુરનો ડુંગરી છે. મુવાલ ગામે આશરે ૧૦૦૦ વિઘાંનું મોટું તળાવ છે. એ પાણી સજીવન છે અને ત્યાંથી નળ મૂકી વડોદરા સારૂ એ પાણી લાવવા ગોઠવણ થઈ ચૂકી છે. કારણ તે પાણી ઉત્તમ છે.

ઉપજ—ડાંગર, બાજરી, કોદરા, તુવેર, વગેરેના છે.

૯. वडोदरा तालुको.

એમાં ૧૩૫ ગામ તથા શહેર વડોદરાની વસ્તી બાદ કરતાં ૬૦૦૬૪ માણસની છે.

નદીઓ—૧ मही. ૨ विश्वामित्री. ૩ ढाढर. ૪ जांबुआ. ૫ दरगा. ૬ सूर्या. સિવાય મીઆનીનું કોતર છે. તે ફક્ત ચોમાસામાં વહે છે. એનું પાણી તાણ ઘણી કરે છે.

તળાવો-શહેર વડોદરામાં—૧ सरसीयुं. ૨ सुरसागर. ૩ राजे. ઇત્યાદિ. નાનાં તળાવો ઘણાં છે.

મુખ્ય શહેર—૧ वडोदरा એ વિશ્વામિત્રીને કાંઠે છે. વસ્તી ૧૦૧૮૧૮ માણસની છે, ૨ इटोला એ. સ્ટેશન છે. ૩ मायळी.

४ कोयली. ५ सोखडा. ६ छाणी. ७ वरणामा. ८ सरार. वगेरे મોટાં ગામ છે.

જાણવા જોગ હકીકત—શહેર વડોદરામાં શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજની રાજધાની છે. એમાં દીવાન સાહેબની, દીવાની ફોજદારી, વરિષ્ઠ, સીટીજડજની, સીટીમુનસફની, અને ત્રણે વર્ગના વહીવટદારોની કચેરીઓ છે. વળી મુલકી, લશ્કરી, દવા, કેળવણી, ઈજનેરી અને સુધરાઈ વિગેરે તમામ ખાતાની મુખ્ય કચેરીઓ છે. અંગ્રેજી હાઈસ્કૂલ, ઈંગ્લિશ કાલેજ, વ્યાકરણ, ન્યાય, ऋग्वेद २, यजुर्वेद २, અગ્નિહુક, આપસ્તંબ, જ્યોતિષ પાઠશાળાઓ, ગુજરાતી ૫, મરાઠી ૫, ઉરદુ ૧ ગુજરાતી તથા મરાઠી કન્યાશાળાઓ ૪, ગુજરાતી ફીમેલ કલાસ મળી કુલ ૨૯ નિશાળો છે. બ્રિટિશ જનરલ પોષ્ટ આફીસ રાવપુરામાં અને શહેરમાં તેની શાખા છે. નદીને સામે કાંઠે અંગ્રેજી લશ્કરની છાવણી, રેસિડન્સી, તાર આફીસ અને રેલવેસ્ટેશન છે. નજરબાગ, મોતીબાગ, મસ્તુબાગ અને સાર્વજનિક બાગ તથા તેમાંનાં ભવ્ય મકાનો જોવા લાયક છે. દર વરસે દેવપોઢી અગીઆરશે, અનંતચઉદશે ગણપતિની તથા આસોશુદ ૧૦ મે દશરાની એવી મોટી ત્રણ સ્વારીઓ ગાયકવાડ મહારાજની નીકળે છે. તેમાં છેલી ઉપર દેશાવરના લોકો જોવા આવે છે. અહીં પાઘડીઓનો વણાટ સારો થાય છે. મોતીબાગ પાસે રાજકુમાર કાલેજ છે તે, નવું રાજવાડાનું ભવ્ય મકાન નવલખી વાવ ઉપર બંધાય છે તે, વાવ, હાઈસ્કૂલ ને જમનાંબાઈ ડીસ્પેન્સરીનું મકાન એ બધાં જોવા લાયક છે. ઢાઢર કાંઠે પોરગામે કાકાબળીયાનું દેવળ છે. બાજવા રેલવેસ્ટેશન છે. મકરપરાનો બાગ અને મકાન જોવા લાયક છે. શહેરને ફરતો મજબુત કોટ છે. તેને ચાર દરવાજા છે. શહેર વચ્ચે માંડવી અને ઘડીઆળ જોવા જેવી છે. આખા હિંદુસ્થાનમાં નથી એવી મિલ એટલે કાપડ વણવાનું સાંચાકામ શરૂ થઈ ચૂક્યું છે એ પણ જોવા જોગ છે.

પેદાસ—કપાસ, બાજરી, મઠ, કોદરા, ડાંગર, શેરડી, તુવેર વગેરેની છે.

---

३ प्रांत नवसारी.

એની ઉત્તરે ભરૂચ અને રાજપીપળાનું સંસ્થાન; પૂર્વે ખાનદેશ જીલ્લો; દક્ષિણે સુરત જીલ્લો તથા વાંસદાનું રાજ અને પશ્ચિમે સુરત જીલ્લો તથા આરબી સમુદ્ર છે. એમાં કુલ ગામ ૬૮૮ તથા ૨૬૯૫૬૧ માણસની વસ્તી છે. એનું ક્ષેત્રફળ શુમારે ૧૯૪૦ ચોરસ માઇલ છે.

ડુંગરા—सालोटानो, ससला डुंगरा, घोरडुंगरो, लांबी डुंगरो, शरानी डुंगरी, रायगडनो ब्रह्माडुंगर, दोवाणा अखा-

डा, रानीआ आंबानो, सोमकी डुंगरी, पेटकी डुंगरी, अछाटीआ डुंगरी વગેરે ઘણા ડુંગર અને ડુંગરીઓ છે.

સમુદ્ર—आरबी.

મુખ્ય નદિયો—१ तापी એ ગુજરાતમાં નર્મદા સિવાય બીજી બધી નદીઓ કરતાં મોટી છે. એ સાતપુડામાંથી નીકળી સુરત આગળ આરબીસમુદ્રને મળે છે. २ पुर्णा. ३ मींढोळा, ४ अंबिका, ५ कावेरी, ६ कीम એ રાજપીપળાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે. વગેરે બીજી નાની નદીઓ ઘણીછે.

આ પ્રાંતના તાલુકા એક જથે નથી. પણ સુરતજીલ્લાના તાલુકા સાથે સેળભેળછે. સરકાર ખર્ચથી ૨૮ નિશાળો ચાલેછે.

મુખ્ય નિકાસ—ગામોમાં મુખ્ય ધંધો ખેતીનોછે. ખેતીની ઉપજ—ડાંગર, કોદરા, જુવાર, કપાસ, તુવેર, બાજરી, શેરડી વગેરેછે. આદુ હલદર પણ થાય છે. આ પ્રાંતના ગણદેવી ગામે શેરડી પુષ્કળ થાય છે તેથી ગોળનો મોટો વેપાર ચાલેછે. તળ નવસારીમાં કેળાંની પેદાસ બહોળી છે.

આ પ્રાંતમાં રેલવેસ્ટેશન ૩ છે ને નીચે લખેલા ૮ તાલુકા તથા બે પેટા તાલુકા वाकड ने वाजपुर છે.

१. वेळाछा.	३. पलसाणा.	५. सोनगढ.	७. नवसारी.
२. कामरेज.	४. व्यारा.	६. महुवा.	८. गणदेवी.

१ तालुके वेळाछा.

એમાં ૮૭ ગામ તથા વસ્તી ૩૧૫૦૩ માણસની છે.

નદીઓ—१ तापी, २ कीम.

ડુંગરો—अछाटीआनो, ब्रह्मानो અને दीवाणा अखाडानो ડુંગરા છે.

મુખ્ય ગામ—१ कठोर એમાં ૩૭૭૪ માણસની વસ્તી છે. દીવાની ફોજદારી કચેરીઓ, પોષ્ટઆફીસ અને સરકારી નિશાળ છે. २ वेळाछा ३ हाथरणा ४ कसुंबा ५ धळा.

पेटा तालुको—वाकड એમાં વહીવટદારની કચેરી છે.

જાણવા લાયક હકીકત—કુપાછા ગામે બાલાવીરનો માગશર શુદ ૭ મે, માંગરોળમાં મોટામીઆનો માગશર વદ ૧૧ એ અને હોળાવ ગામે ગાય પગલાંનો ચઈતર શુદ ૧૫ મે મેળો ભરાય છે. વળી આજ તીથિએ શાહુ ગામે નદીમાંથી ઉનું પાણી નીકળે છે તેથી અહીંઆં પણ મેળો ભરાય છે.

નિકાસ—જુવાર, કપાસ, વેપારની જણસ કપાસ છે; એમાં ખાદી, આથર, ખાટી વણવાનું અને જાડું વિલાયતી સફેત લુગડું રંગવાનું કામ સારૂ થાયછે.

२ कामरेज तालुको.

એમાં ૫૮ ગામ તથા ૨૫૯૬૭ માણસની વસ્તીછે.

નદીઓ— तापी એ આ પરગણાની ઉત્તર સીમા કરેછે.

મુખ્ય ગામ—૧ वरीआव એમાં ૨૯૬૩ માણસની વસ્તી, સરકારી નિશાળ, વહીવટદારની કચેરી છે. ૨ कामरेज એમાં શ્રી નારદજીની બ્રહ્માની મૂર્તિ ભોંયરામાં જોવાલાયક છે. ૩. खोदवड અહીંના વોહોરા લોકો દોટીઓ વણેછે. તેમજ તાપીના ભાઠામાં રંગારનું કામ થાય છે. ૪ सुंवनी. મોજે ભૈરવ ગામે મુક્ષનાથ મહાદેવનો મેળો ભરાય છે.

પેદાસ—જુવાર, કપાસ, ડાંગર, બાજરી.

३ पलसाणा तालुको.

એમાં ૬૩ ગામ તથા વસ્તી ૨૨૯૦૯ માણસની છે.

નદી -मींढोला.

મુખ્ય ગામ—૧ पलसाणा એમાં ૨૩૭૫ માણસની વસ્તી, વહીવટદારની કચેરી અને સરકારી નિશાળ છે. ૨ बलेश्वर, ३ बगमरा, ४ वहोसा.

પેદાસ—ડાંગર, જુવાર, કપાસ.

४ तालुके व्यारा.

એમાં ૧૫૫ ગામ તથા વસ્તી ૪૭૯૪૭ માણસની છે.

નદીઓ—૧ पुर्णा. २ अंबिका. ३ मदाव. ४ झांखरी એ દક્ષિણે અને ૫ तापी ઉત્તરે છે.

ડુંગરો—આ તાલુકાની દક્ષિણે આવેલા—शरानो,·रानीआ

આંબાનો, ઉત્તરે સોમકી અને પેટકી ડુંગરો છે.

મુખ્ય ગામ—૧ વ્યારા એમાં ૩૬૯૬ માણસની વસ્તી, વહીવટદારની કચેરી, પોષ્ટઆફીસ અને નિશાળ છે. ૨ अंतापुर, ३ कानपरा, ४ डालवाण, ५ बेडावोर, ६ वेडा, ७ कपुरा, ८ केळकुई વગેરે મોટાં ગામ છે.

જાણવા જેવી હકીકત—ગંભાસીઆ ગામે ઉનાઈમાતાનું સ્થાનક છે. તેની થડમાંજ ઉન્હા પાણીના કુંડ છે. તેમાં બારે માસ ઉનું પાણી રહેછે. અહીં ચૈત્ર શુદ ૧૫ ઉપર મેળો ભરાય છે. તે વખતે એક કુંડનું પાણી નહાવા સરખું થાય છે. બાલપોર ગામે કહમેશ્વર મહાદેવનું દેવળ અને ટાઢા પાણીના કુંડ છે. અહીં મહા વદ ૧૪ નો મેળો તેમજ દર શિવરાત્રિએ મેળો ભરાય છે. તે વખતે આવેલા લોકો એ કુંડમાં નહાય છે.

ઉપજ—ડાંગર ઘણી પાકેછે, જુવાર, તુવેરો પણ થાયછે.

५. तालुके सोनगड.

એમાં ૧૫૨ ગામ તથા વસ્તી ૨૯૯૨૨ માણસની છે.

નદીઓ—૧ तापी. २ पूर्णा.

ડુંગર—સાલોટાનો, સિવાય નાના ડુંગરો ઘણા છે.

ડુંગરી કિલ્લા—સોનગઢ, રૂપગડ, સલતાનગઢ, વાજપુર અને મોંય કિલ્લો એ જોવા લાયક છે.

મુખ્ય ગામ—૧ સોનગડ એમાં ૨૩૫૪ માણસની વસ્તી, વહીવટદારની કચેરી છે. સિવાય જાણવા લાયક ગામ નથી. અહીંના પહુંઆ સારા થાય છે. આ તાલુકો ઘણું કરી ડુંગરોથી વિંટાયલો છે.

પેટા મહાલ—વાજપુર છે.

પેદાસ—ડાંગર, કોદરા છે.

६. महुवा तालुको.

આમાં ૭૭ ગામ તથા વસ્તી ૩૨૬૨૮ માણસની છે.

નદીઓ—१ पूर्णा, २ अंबिका, ३ कावेरी.

મુખ્ય ગામ—મહુવા એમાં ૧૪૮૫ માણસની વસ્તી ને વહીવટદારની કચેરી છે. २ अनावल, ३ नळवाडा.

પેદાસ—ડાંગર, જુવાર વગેરે.

૭. तालुके नवसारी.

એમાં ૬૫ ગામ તથા ૪૯૦૦૨ માણસની વસ્તી છે.

સમુદ્ર—આરબી આ તાલુકાની આથમણી દિશાએ છે.

નદીઓ—૧ पूर्णा, આ તાલુકાની દક્ષિણ સીમા કરેછે. ૨ मींढोला ઉત્તરે છે.

મુખ્ય ગામ—૧ नवसारी એમાં ૧૪૯૨૪ માણસની વસ્તી, ગુજરાતી મરાઠી શાળા, પ્રાંત જડજ, પ્રાંતસુબાની અને દીવાની ફોજદારી કચેરીઓ, પોષ્ટઆફીસ તથા રેલવે ષ્ટેશન છે. એમાં સર જમસેદજી જીજીભાઈ તરફથી અંગ્રેજી, ગુજરાતી ને કન્યાશાળા મળી ૩ નિશાળો તથા કામાવાળા પેસ્તનજી તરફથી મદ્રેસા હાઇસ્કૂલ છે. ૨ चोवीसी, ૩ पावळीआ, ૪ रेशमा, ૫ डामल, ૬ तवडी, ૭ आमली, ૮ मरोली રેલવે સ્ટેશન, ૯ उमराटा વગેરે મોટાં ગામ છે.

જાણવા જોગ હકીકત—ભાટા ગામે મીઠું ઉત્પન થાયછે. તળ નવસારીમાં પારસીની વસ્તી ઝાઝી છે. અહીંનાં હવા પાણી સારાં હોવાથી કેટલીક મુદત સુધી શ્રીમંત સરકાર આવી રહે છે.

પેદાસ—જુવાર, કપાસ, ડાંગર, શેરડી, કેળાં, અનનાસ, દ્રાક્ષ વગેરે મેવા પણ ઘણો થાય છે. ફણસ પણ થાય છે.

૮. तालुके गणदेवी.

એમાં ૩૧ ગામ તથા વસ્તી ૨૯૬૮૩ માણસની છે.

નદીઓ—૧ कावेरी, ૨ अंबिका, ૩ वेंगणी.

ડુંગર—सलडाधार અને લાંબી ડુંગરીઓ છે.

મુખ્ય ગામ—૧ गणदेवी એમાં ૭૦૩૫ માણસની વસ્તી, ગુજરાતી, ઉરદુ નિશાળ; વહીવટદારની કચેરી અને પોષ્ટઆફીસ છે. ૨ बीलीमोरा રેલવે સ્ટેશન છે. એ ગામમાં વહાણ તથા હાથીદાંતનું કામ પણ સારૂં થાયછે. અહીંથી ૪ ગાઉ ઉપર સમુદ્રછે. ધમડાછા ગામની કેરીઓ સારી વખાણાય છે.

ઉપજ—શેરડી પુષ્કળ થાયછે. તેથી અહીંનો ગોળ દેશાવર ઘણો જાય છે. સિવાય ડાંગર, આદુ, હલદર, કેળાં, અનનાસ, ફણસ વગેરે થાય છે.

૪ प्रांत अमरेली.

આ પ્રાંત કાઠિયાવાડ ઇલાકામાં વિખરાતો આવેલો છે. એનું ક્ષેત્રફળ શુમારે ૧૫૬૦ ચો. માઇલછે. એ પ્રાંતમાં એકંદર ગામ ૨૯૨ તથા ૧૪૪૦૪૪ માણસની વસ્તી છે.

મુખ્ય નદીઓ—૧ शेत्रंजी ધારી તાલુકાના ડુંગરમાંથી નીકળી અમરેલી તાલુકામાં થઇને પાલીતાણાના ડુંગર પાસે થઇ ખંભાતના અખાતને મળે છે. ૨ વડી, ૩ ઢેબી, ૪ ધાતરવડી, ૫ ओखा, ૬ ગોમતી, ૭ केरी વગેરે નાની નદીઓ ઘણીછે.

આ પ્રાંતના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. અહીંના ઘણા લોકો દેશાવર વેપારરોજગારને અર્થે જાય છે. સરકાર ખર્ચે કુલ નિશાળો ૩૧ ચાલેછે.

ડુંગર—૧ मुलद्वाकानी ડુંગરી, ૨ मोढवाडनी ડુંગરી.

સમુદ્ર—आरबी એ કોડીનાર તાલુકાની દક્ષિણે છે.

મુખ્ય ઉપજ—જુવાર, બાજરી, કપાસ, ઘઉં, ચણા, કમોદ, મગ, અડદ, ગોળ, તલ વગેરે છે.

આ પ્રાંતમાં નીચે લખ્યા પ્રમાણે ૫ તાલુકાછે. પેટાતાલુકા સીયાનગર અને भीमकटा છે.

१ दामनगर. २ अमरेली, ३ धारी. ४ कोडीनार. ५ ओखामंडळ.

१ तालुके दामनगर.

એમાં પેટા તાલુકા સીયાનગર સુદ્ધાં ૩૪ ગામ તથા વસ્તી ૧૯૧૮૪ માણસની છે.

નદીઓ—૧ केरी. ૨ कालु.

ડુંગર—શાખપુર પાસે નાની ડુંગરીનો ઢોળાવ છે.

મુખ્ય ગામ—દામનગર એમાં ૨૧૯૦ માણસની વસ્તી, સરકારી નિશાળ અને વહીવટદારની કચેરી છે. ૨ ચાવંડ ૩ शाखपुर ૪ वाडरसींगा, ૫ *રાજકોટ ૬ કાચરડી. ૭ હાપોર ૮ पेटातालुको ૧સીયાનગર એમાં મહાલકરી રહેછે તથા ૯૮૩ માણસની વસ્તી છે.

---

*કાઠિયાવાડ એજન્સીનું મુખ્ય શહેર જે રાજકોટ તે આ સમજવું નહિ.

૧ આ તાલુકાનાં ગામ ૮ તથા વ. ૫૦૧૯ ઉપલા તાલુકામાં આવ્યાં છે.

ઉપજ—જુવાર, બાજરી, ઘઉં, તલ, ચણા, કઠોર, શેરડીવગેરે.

૨ अमरेली तालुको.

એમાં પેટા તાલુકા અને છાવણી સાથે ૬૦ ગામ તથા ૪૪૬૫૩ માણસની વસ્તીછે.

નદીઓ—શેત્રુંજી, ૨ વડી, ૩ ઠેબી, ૪ ધાતરવડી.

મુખ્ય ગામ—अमरेली એમાં ૧૩૬૪૨ માણસની વસ્તી, મરેઠી, ગુજરાતી, કન્યાશાળા અને અંગ્રેજી નિશાળ, ઈસ્પિતાળ, પોસ્ટઆફીસ, સુધરાઇખાતુ, પ્રાંતજડજ, પ્રાંતસુબા, દીવાની ફોજદારી અને વહીવટદારની કચેરીઓ છે. અહીં આસિસ્ટંટ રેસિડેન્ટ રહેછે. ૨ वांकीआ, ૩ मोटा आकडीआ, ૪ साजीआवदर, ૫. वरसडा.

કારીગરીની વસ્તુઓ—ચાંદીની સરસ જીલેદાર જણસો અને ઓઢવાના ચોફાળ ઘણા સરસ થાય છે.

જાણવા જોગ જગા—શ્રીનાગનાથ મહાદેવનું દેવળ તથા ફરતી ધર્મશાળાઓ છે.

पेटा तालुके—भीमकटा એમાં મહાલકરી રહેછે. વસ્તી ૯૬૪ માણસની છે. અહીં વરસાદ બહુ થોડો થાય છે. પશ્ચિમ કાંઠો નદીપરછે તેમાં ઝાર આવેછે તેથી આસપાસની જમીન રેલાઈ જાયછે. એથી જુવાર અને ચણા પાકેછે.

લશ્કરછાવણી—माणेकवाडा એમાં વસ્તી ૨૭૮૬ માણસની છે. ગુજરાતી તથા મરાઠી નિશાળો છે.

ઉપજ—જુવાર, બાજરી, કપાસ, ઘઉં, ચણા, મગ, અડદ, કમોદ, ગોળ.

૩ धारी तालुको.

એમાં ૮૪ ગામ તથા વસ્તી ૨૯૨૩૩ માણસની છે.

નદીઓ—૧ શેત્રુંજી, ૨ धातरवडी, ૩ સોમ વગેરે.

મુખ્ય ગામ—૧ धारी એમાં ૩૩૬૯ માણસની વસ્તી, વહીવટદારની કચેરી, સરકારી નિશાળ અને પોસ્ટ આફીસછે. ૨ चलाळा, ૩ सरंभडा, ૪ खांभा.

કારીગરીની વસ્તુઓ—ઘોડાનો સામાન અને તરવારનાં મેન સારાં થાયછે.

જાણવા લાયક જગા—ધારી ટેકરા ઉપર છે. એ ટેકરાની તળેટી આગળ ગામભણીથી પાણીનાં ઝરણ હમેશાં વહેછે. ગળધારો ડુંગર ધારી નજીકછે.

ઉપજ—બાજરી, જુવાર.

૪ तालुके कोडीनार.

એમાં ૭૧ ગામ તથા વસ્તી ૩૧૧૮૯ માણસની છે.

સમુદ્ર—आरबी તાલુકાના દક્ષિણે છે.

નદીઓ—સીંગવાડી, રસોમ, રે રૂપેણ એબધી નાનીનદીઓછે.

ડુંગરીઓ—મુળદ્વારકાની અને મોઢવાડની.

મુખ્ય ગામ—૧ કોડીનાર એમાં ૬૫૪૨ માણસની વસ્તી છે. વહીવટદારની કચેરી, ગુજરાતી નિશાળ અને પોષ્ટ આફીસ છે. ૧ ઘાટવડ, ૨ डोळासा, ૪ खांभा, ૫ देवली, ૬ सरखडी, ૭ छारा, ૮ अरणोज, ૯ वडनगर.

તીર્થની જગા—મુળદ્વારકાની ડુંગરીમાં ગંગનાથ મહાદેવની, ઘાંટવડમાં રૂદ્રગયાની અને આદપુકાર ગામે પુષ્કરાજની જગાઓ છે.

જાણવા જોગ હકીકત—કોડીનારથી દરિયો નજીકછે તેથી કેટલાક લોક જળ માર્ગે જા આવ કરેછે.

ઉપજ—કપાસ, ઘઉં, ડાંગર, બાજરી, જુવાર, ગોળ, તલ, ચણા વગેરે.

૫ तालुके ओखामंडळ.

એમાં ૪૩ ગામ તથા ૧૯૯૮૫ માણસની વસ્તી છે.

સમુદ્ર—आरबी એને લોકો અહીં રત્નાકર કહેછે.

નદીઓ—૧ ओखा, ૨ ગોમતી એને આરબીસમુદ્રને મળેછે.

તળાવ—સામળેશ્વરની હદમાં ગોપીતળાવ છે.

મુખ્ય ગામ—૧ द्वारका એમાં ૫૮૪૦ માણસની વસ્તી, દીવાની ફોજદારી અને વહીવટદારની કચેરીઓ, સુધરાઈખાતુ, પોષ્ટઆફીસ. ૨ ગુજરાતી, કન્યાશાળા, વેદશાળા, પાઠશાળા અને ઇસ્પિતાળછે. ૨ बेटसंखोधार, ૩ वरवाळा, ૪ अरंमडा, धींणकी.

તીર્થની જગા—દ્વારકાં પશ્ચિમ હિંદુસ્થાનમાં એ મોટામાં મોટું ધામ છે. એમાં શ્રી દ્વારકાંધીશનું મંદીર છે. શ્રી સતભામાનું, શ્રી લક્ષ્મીજીનું, શ્રી રાધિકાજીનું અને શ્રી જાંબુવંતીજીનું દેવળ છે. એ દેવળો પૂરાતની અને સુંદર બાંધણીનાં છે. સમુદ્રનો ફાંટો દક્ષિણ બાજુએ શ્રી ગોમતીને મળેછે. ત્યાં આગળ નહાવાનું ઘણું મહાતમછે અને એમાં શંખ, ચક્ર અને

પન્ન એ ઇશ્વરી ચમત્કારથી ઉત્પન્ન થાયછે. ગોપીતળાવમાં ગોપીચંદન થાયછે. બેટશંખોધારમાં દ્વારકાંધીશની મૂર્ત્તિ નેદ્રવળછે.

વેપારની જણસો—મીઠું દરિયા ને રણમાં આપોઆપ પુષ્કળ ઉત્પન્ન થાયછે. તેનો બહોળો વેપાર ચાલેછે. કાપડ, મણીઆરકાંમ, જુસાર (અનાજ), ગુગળ, ચૂનો અને સફેત પથ્થરનો પણ રોજગાર ચાલેછે.

જાણવા જોગ હકીકત—આ તાલુકામાં વાઘેરની વસ્તી ભારેછે. એ લોકોનું ૧૯૧૬ ની સાલમાં મોટું બંડ જાગ્યું હતું તે નામદાર અંગ્રેજ સરકારની મદદથી સમો ગયા પછી ત્યાં બંદોબસ્ત સારૂ એક આસિસ્ટંટ રેસિડેન્ટ અને પલટણ રહેછે.

ઉપજ—બાજરી, જુવાર, ગવાર.

પૂરવણી નંબર. ૧

દેખરેખ નીચેનાં પ્રાંત તથા મહાલવાર ગામોનું વસ્તીપત્રક.

માહાલનું નામ.	દેખરેખવાળા ગામનું નામ.	વસ્તી.	વિશેષ હકીકત.
પ્રાંત કડી.			
વિજાપુર.	આગલોડ	૧૮૭૮	
,,	ગવાડા	૨૦૬૩	
,,	પેઢામલી	૨૦૨૯	
,,	સરદારપુર	૧૩૯૯	
મહેસાણા.	મોટીદઉ	૨૩૧૬	
કલોલ.	પાનસર	૨૧૯૦	
,,	સઈજ.	૨૧૨૫	
,,	સોજા.	૧૯૧૭	
વડોદરા પ્રાંત.			
પાદરા.	વડુ	૨૬૧૩	
,,	મોભા	૧૫૩૨	
,,	સરસવણી	૧૪૬૩	
,,	સાધી	૨૫૭૮	કપાસલોઢવાનો સંચોછે.
,,	કરખડી	૨૨૯૪	
,,	વણછરા	૯૦૮	
ડભોઈ	નડા	૧૪૯૧	
સંખેડા.	માકણી	૧૫૦૯	
જરોદ.	ઉંસર	૨૫૫૩	